ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પક્ષોના સામ-દામ-દંડ-ભેદ ની ચાલ હોય છે,*
*બ્લેકમેલ થી કઠપૂતળી જેવા હાલ હોય છે.*
*ખાલ હોય છે એવી કે ટકે ન બૂંદ સંબંધો નું -*
*ભોળવાઈ જાય ભોળાનાથ એવો તાલ હોય છે...*
*(બાપુ પર દબાણ?!)*

### હાઈકુ

*હાથે કરીને,*
*કોંગીએ પગ પર -*
*માર્યો કુહાડો...*
*(થશે વિરોધપક્ષમાંથી પણ મુક્ત)*

*આભ ફાટે ત્યાં -*
*દેવાય કયાં થીગડાં,*
*મેનેજમેન્ટ...*
*(તંત્ર લાચાર)*

### ચિંતન

*મન મથુરા દિલ દ્વારકા, કાયા કાશી જાન,*
*દસોં દ્વાર કા દહેરા, તામેં જયોતિ પહેચાન.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આ પૃથ્વી પરનો દરેક માનવી ઈશ્વરને પામવાની ઈચ્છા ધરાવે છે અને તે માટે પ્રભુ ને કયાં કયાં શોધતો ફરે છે. મંદિર-મસ્જિદ ગુરુદ્વારા અને કાશી કૈલાસ જેવા અનેક તિર્થસ્થાનો જેમાંનું કોઈ સ્થળ તેણે બાકી રાખ્યું નથી. કબીર કહે છે કે ભગવાન તીર્થસ્થાનોમાં કે મંદિરમાં જ છે એવું નથી. દસ દ્વાર વાળું આપણું શરીર પણ મંદિર છે. તેમાં આત્મરુપે પ્રભુ બિરાજે છે. તેને ઓળખશો તો તમારી ઈચ્છા માટેની શોધ પૂરી થઈ જશે. અહીં તહીં ભટકવું નહીં પડે. શ્રદ્ધા અને વિશ્વાસ રાખશો તો પ્રભુને જરૂર પામશો. આ સાખીમાં કબીર મનને મથુરા સમાન હૃદયને દ્વારકા સમાન અને આપણી કાયાને કાશી સમાન વર્ણવી આત્મા સો પરમાત્માનો ભેદ સમજાવે છે.

### સુવિચાર

- જે માણસ કેવળ વિચાર કર્યા કરશે એ કદી કામ નહીં કરે - **સુરેશ દલાલ**
- જે માણસ તમારાં તળિયાં ચાટે છે તે માણસ કયારેક તમને કરડે પણ ખરો - **કન્નડ કહેવત**
- જેને કારકિર્દી બનાવી છે એ પોતાના કુટુંબ કે મિત્રોને સમય આપી શક્યો નથી, એનો મોટાભાગનો સમય શત્રુઓન સંભાળવામાં જ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કુંવારી ક્ષણ એ પ્રારંભબિંદુ છે - **જે કૃષ્ણમૂર્તિ**
- શ્રદ્ધાળુ માણસના જીવનમાં એક પ્રકારની શાંતિ અને નિજાનંદ જોવા મળે છે - **મહેશ દવે**
- નિશ્ચય વગરનું મન એટલે નિશાન વગરનું તીર - **નવનીત**
- આજનું ઔષધ : નારિયેળના છોડા બાળી તે રાખ મધમાં ચાટવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

શ્રમ અને સમયને જે સમજે છે તે જીવનના સુખને માણે છે.

વર્ષો પહેલાની વાત છે. જાપાન દેશના નાગરિકોની ખુમારીની આ વાત છે. જાપાન પર આક્રમણકારીઓ એ કબજો જમાવ્યો. શ્રમિકોની સહાનુભૂતિ પ્રાપ્ત કરવા તેમણે એક ચાલાકી કરી. દરરોજના કામમાં એક કલાક ઘટાડી દીધો. અને સપ્તાહના છ દિવસને બદલે પાંચ દિવસ કામ કરવાનો નિયમ બનાવ્યો. જેથી શ્રમિકો તેમના પક્ષે રહે.

આવા નવા નિયમો સામે જાપાનની પ્રજાએ ઘોર વિરોધ કર્યો. તેમણે શાસનકર્તાઓને કહ્યું, 'આ નવો નિયમ અમારા રાષ્ટ્રીય ચરિત્ર પર આક્રમણકારી છે અને પરિશ્રમથી જ અમારા નાના દેશને શક્તિશાળી બનાવ્યો છે. જો અમારામાં કામચોરોની આદત પડશે તો અમે હજારો વર્ષ સુધી ગુલામ જ રહીશું. અમે શ્રમને જ મહત્વ આપવા માંગીએ છીએ.'

આક્રમણકારી શાસકોને જાપાની પ્રજાની વાત સ્વીકારવી પડી અને કામના કલાકો અને દિવસો ઘટાડવાને બદલે પગાર વધારવો પડ્યો. શ્રમ અને સમયનું જે મૂલ્ય સમજે છે તે શ્રેષ્ઠ પ્રગતિના અધિકારી બની શકે છે.

# નીતીશકુમારની શરણાગતી : ગઠબંધનને ફટકો

**તંત્રીસ્થાનેથી...**

નીતીશકુમારનું પોત પરખાઈ ગયું છે. બિહારી બાબુએ પોતાની કહેવાતી સ્વચ્છ ઈમેજ સાચવી રાખવા માટે ભારતીય જનતા પાર્ટી સાથે આગોતરી ગોઠવણ કરીને તેજસ્વી યાદવના મુદ્દે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું અને બે કલાકથી વધુ ઓછા સમયમાં દિલ્હીના ઈશારે એમને બિહારના ભારતીય જનતા પક્ષના ધારાસભ્યોનું સમર્થન પણ સાંપડી ગયું. લાંબી રાહ જોયા વિના અને કશી પીંજણમાં પડ્યા વગર આ 'સિદ્ધાંતવાદી' નેતાએ રાતોરાત ફરી વાર મુખ્યમંત્રી પદના શપથ લેવા માટેનો દાવો પણ ઠોકી દીધો. તુલસીદાસે કહ્યું છે એમ 'સમરત કો નહીં દોષ ગુસાંઈ' અહીં તો એકી સાથે બે સમર્થ રાજકારણીઓ ભેગા થઈ ગયા, જે કયારેક એકમેકનો પડછાયો લેવા તૈયાર નહોતા. એનડીએ સાથેનું જૂગજૂનું જોડાણ નીતીશકુમારે મોદીના કહેવાતા સાંપ્રદાયિક ચહેરાને કારણે તોડ્યું હતું તે શું દેશની જનતા ભૂલી જશે? લાલુપ્રસાદ યાદવ સાથે બાપે માર્યા વેર હતાં, એમને ભ્રષ્ટાચારનું કલંક તો ચારા કૌભાંડ નિમિત્તે લાગેલું જ હતું - છતાં 'સાંપ્રદાયિક' ભાજપની સામે ચૂંટણી જીતવા માટેનાં જ્ઞાતિવાદી સમીકરણો માંડવા માટે એમને 'બડે ભાઈ' કહીને ભેટ્યા હતા, તે ઘટનાને હજી માંડ બે વર્ષ પણ થયાં નથી. બિહારના એ બેઉ 'બળિયા' વચ્ચે પણ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોએ વધુ બળૂકા નેતા તરીકે લાલુ યાદવના નામ પર મહોર મારી હતી. નીતીશકુમારને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હોઈ લાલુપ્રસાદ યાદવ પ્રજાને આપેલ વચનને વળગી રહ્યા હતા. એમના પુત્રોને નીતીશકુમારે કેબિનેટમાં સમાવ્યા હતા અને હમણાં જેના કથિત ભ્રષ્ટાચાર મુદ્દે એમણે 'સાથી -પલટો' કર્યો તે તેજસ્વી યાદવને તો નાયબ મુખ્યમંત્રી પદ આપ્યું હતું. કયારેક ભાજપ સામે અને મોદી સામે રાષ્ટ્રવાદી મહાગઠબંધન રચવાના હિમાયતી નીતીશકુમારે પોતાની ખુરશી અને ઈમેજ - બેઉ સાચવી રાખવા એવી તમામ હેસિયતનો અંદાજ તો આવી ગયો હતો. પોતે જનતા દળ (યુ) જેવા એક મર્યાદિત અસર ધરાવતા પ્રાદેશિક પક્ષના જ નેતા છે અને એમાં પણ શરદ યાદવ જેવા સિનિયર નેતા આડખીલીરુપ ન બને તે હેતુસર એમને પક્ષ પ્રમુખ પદ પણ અંકે કરી લીધું હતું. અગાઉ બે દાયકાઓથી એનડીએના સાથી પક્ષ તરીકે કાર્યરત રહી વાજપેયી સરકારમાં મહત્ત્વનાં મંત્રીપદા ભોગવનાર જદ(યુ) નેતાઓને ભાજપ સામે નહીં પણ અંગત રીતે નરેન્દ્ર મોદી સામે વાંધો હતો. એથી જયારે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા ત્યારે નારાજ નીતીશકુમારે જુદો ચોકો માંડી 'બિનસાંપ્રદાયિક' કોંગ્રેસ પક્ષ સાથે જોડાણ કરીને નવો ચીલો ચાતર્યો હતો. રાષ્ટ્રીય સ્તરે મોદી વિરુદ્ધ સક્ષમ નેતા તરીકે ઊપસવાના અને વડાપ્રધાન પગના ગઠબંધન - ઉમેદવાર બનવાના નીતીશના ધખારા કોઈથી અજાણ્યા નથી. પરંતુ કાળક્રમે એમને પોતાની હેસિયતનું ભાન થઈ ગયું અને બિહારનું રજવાડું સાચવી લેવામાં જ શાણપણ વરતાયું. એ રજવાડું અગાઉ પર ભારતીય જનતા પાર્ટીના સહકારથી જ સાચવી રાખ્યું હતું જે નરેન્દ્ર મોદીના મુદ્દે વાંધો પડતાં કટ્ટર દુશ્મન ગણાતા પ્રતિસ્પર્ધી લાલુયાદવની શરણાગતી સ્વીકારવામાં પણ એમને તકલીફ નહોતી પડી. હવે જયારે તેજસ્વી યાદવ મુદ્દે રાષ્ટ્રીય જનતા દળ સાથેનું જોડાણ તોડી નાખી રાતોરાત જૂના સાથી સાથે નાતરું કરી રહ્યાં છે ત્યારે નીતીશકુમાર ભલે પ્રજાને પોતાની 'સ્વચ્છ ઈમેજ' દર્શાવવા માગતા હોય પણ એમનું અસલી સ્વરુપ તો સત્તાલક્ષી રાજકારણીનું જ છે, એટલું બિહારની પ્રજાને સમજતાં વાર નહીં લાગે. વળી રાષ્ટ્રીય નેતા તરીકે તો એમને જાતે જ પોતાનું વામણાપણું સ્વીકારી લીધું હોઈ ભવિષ્યમાં નરેન્દ્ર મોદી સામે રાહુલ ગાંધી સિવાય બીજો વિકલ્પ પણ નહીં રહે.

# ગાંધીજીએ ધાર્મિક જીવનના પરંપરાગત ખ્યાલમાં નવો પ્રાણ પૂર્યો છે

**શ્રાવણ મહિનામાં વાત ગાંધીજીની ધાર્મિક આસ્થાની**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવજન' જેમને હૈયામાં અને હાડમાં હાડોહાડ વ્યાપી ગયું હતું આજીવન આકંઠ અક્ષરશઃ તેનું પાલન કરનારા ગાંધીજી ધાર્મિક હતા. જીવનનો છેલ્લો શ્વાસ પણ 'હે રામ' સાથે શ્વસનાર ગાંધીની ધાર્મિક આસ્થા અને આધ્યાત્મિક અવસ્થા પરિચિત છે.

સામાજીકરણની દૃષ્ટિએ જોઈએ તો તેમના પારિવારિક ઉછેરમાં જ ધર્મ વણાયો હતો. ગાંધીજી તેમની આત્મકથામાં ઉલ્લેખ કરે છે તેમ તેમના પિતાની ધાર્મિક કેળવણી નહીં જેવી હતી, પણ મંદિરોમાં જવાથી, કથા વગેરે સાંભળીને જે ધર્મજ્ઞાન અસંખ્ય હિંદુઓને સહેજે મળી રહે છે તે કરમચંદ ગાંધીને હતું. પરંતુ તેમના માતા પૂતળીબાઈ સાધ્વી તથા ત્યારે ધાર્મિક હતા. પૂજાપાઠ કર્યા વિના કદી જમતા નહીં અને નિયમિત હવેલીમાં દર્શને જતા હતા. ગાંધીજીની માન્યતા પ્રમાણે પોતાનામાં દૈવીપણાનું ભાન જાગ્રત કરવું અને સર્વવ્યાપી પરમાત્મા સાથે સંપૂર્ણપણે એકરુપ થવું, એ વ્યક્તિને માટે જીવનનું પરમ ધ્યેય છે.

ગાંધીજી આ પૃથ્વી પર દૈવી રાજયની સ્થાપવા ઈચ્છતા હતા. પરંતુ એક માત્ર ધર્માંધતા કે ધાર્મિક કટ્ટરતાની વાત ન હતી. તેઓ એમ વખતોવખત વ્યક્ત થતા હતા કે દરેક વ્યક્તિ જીવનમાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે તે માટે બધા ધર્મોના સિદ્ધાંતો આ જીવનમાં અને તરત જ લાગુ પાડવા માટેનો માર્ગ તેઓ પોતાના ઉદાહરણથી બતાવે છે.

અત્યારે જયારે પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ગાંધીજીના વિચારોમાં ધર્મને અને ધાર્મિકતાને સમજવા જેવી છે. ગાંધીજીએ ધાર્મિક જીવનના પરંપરાગત ખ્યાલમાં ધ્યાનધારણા અને આધ્યાત્મિક સાધના માટે સંસાર ત્યાગને આવશ્યક માનવામાં આવ્યો છે. પરંતુ ગાંધી આ બાબત સામે પોતાનો ભિન્ન મત વ્યક્ત કરે છે. ગાંધી માને છે કે ઈશ્વરની સેવા ઈચ્છનારે તેણે સર્જેલા પ્રાણીઓની સેવા કરવી જોઈએ. પોતાના દાખલા દ્વારા તેમણે મનુષ્યની સેવા એ ઈશ્વરની જસેવા છે એ સાબિત કરી બતાવ્યું હતું.

તેમણે બતાવ્યું કે જીવનનું લક્ષ્ય આત્મસાક્ષાત્કાર છે અને તે તપશ્ચર્યા, ત્યાગ અને સેવા દ્વારા પ્રાપ્ત કરી શકાય. સત્યને શોધી, આપનાર સંસારનો ત્યાગ કરીને દૂર દૂર જંગલમાં વસીને તપશ્ચર્યામય જીવન ગાળે એમ તેઓ ઈચ્છતા ન હતા. તેઓ માણસે સંસારમાં અથવા સમાજમાં જ રહેવું જોઈએ એવું સ્પષ્ટ કહેતા હતા. એટલું જ નહીં સમાજમાં રહેતા મનુષ્ય - મનુષ્ય વચ્ચે સ્થપાયેલી મૂળભૂત એકતાને છિન્નભિન્ન કરનારાં વિરોધી બળો સામે સત્યાગ્રહના આયુધથી તેનું રક્ષણ કરવા હંમેશા તૈયાર રહેવું જોઈએ એમ સમજાવતા હતા. માનવીના ગૌરવની રક્ષા માટે, નૈતિક મૂલ્યોની જાળવણી માટે હંમેશા સત્યાગ્રહના આયુધનો ઉપયોગ કરવો જોઈએ, કેવળ ભૌતિક લાભ માટે કદી પણ તેનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

ખૂબ ધાર્મિક અને અત્યંત આધ્યાત્મિક છતાં ગાંધી રેશનાલિસ્ટની માફક સમાજજીવનના પ્રશ્નો સમજતા અને પ્રયોગો દ્વારા વ્યક્તિગત સમજણ મેળવીને એ પ્રશ્નોના ઉકેલ તેઓ દર્શાવતા હતા.

ગાંધીજી ધર્મ અને અધ્યાત્મને જોડતા અને એને તેઓ આત્માની કેળવણી તરીકે ઓળખાવતા હતા. તેમની આત્માની કેળળણી વિશે 'સત્યના પ્રયોગો' પૃષ્ઠ.૩૩૯માં તેમણે નોંધ કરી છે, આ નોંધ જોઈએ.

'આત્માની કેળવણી એક નોખો જ વિભાગ છે, એમ મેં ટોલ્સટોય આશ્રમના બાળકોને શીખવવા માંડ્યુ, તેની પૂર્વે જ જોઈ લીધું હતું. આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર્ય ઘડવું, ઈશ્વર જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું. આ જ્ઞાન મેળવવામાં બાળકોને મદદ ઘણી જ જોઈએ, ને તેના વિના બીજું જ્ઞાન વ્યર્થ છે, હાનિકારક પણ હોય એમ હું માનતો.'

ગાંધીજીએ વાત તો બાળકોના સંદર્ભમાં જ કહી હતી પણ એ આબાલ-વૃદ્ધ-સહુ કોઈને લાગુ પાડી શકાય એમ નથી લાગતું?

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# જ્ઞાન અને વિવેકનું મૂર્તિમંત સ્વરૂપ : કે. કા. શાસ્ત્રી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગમાં અમે આપણાં કેટલાક વિરષ્ઠ મહાનુભાવોના જીવન તથા તેમના પ્રદાનનું દસ્તાવેજીકરણ કરવા માગતા હતા. આવા આપણા સાંપ્રતકાળના વ્યક્તિવિશેષો કે જેમણે સાહિત્ય – કળા તેમજ સંશોધન ઈત્યાદિમાં મહત્વનું યોગદાન આપેલું હોય તેવા મહાનુભાવોના જીવન – કવન તથા તેમના યોગદાનને આ રીતે આવરી લેવાનો આશય હતો. સાહિત્ય તથા વિવિધ કળાઓમાં જેમને સામાન્ય રુચિ હોય તો પણ તેમને ગમે તથા વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને ઉપયોગી થાય તે રીતે આવું દ્રષ્ય-શ્રાવ્ય દસ્તાવેજીકરણ કરવાનો સંકલ્પ હતો. આ મંગળ કાર્યની શરૂઆત કોનાથી કરવી ? ઘણાં નામો વિચારણામાં લીધા પછી સૌ પ્રથમ દસ્તાવેજીકરણ બ્રહ્મર્ષિ કે. કા. શાસ્ત્રીનું કરવું તેમ નક્કી થયું. પ્રથમ નામ નક્કી થતાંજ આ કાર્ય સાથે સંકળાયેલા સૌ લોકોનો ઉત્સાહ અને જુસ્સો અનેક ગણાં વધી ગયા. સૌના મનની લાગણી હતી કે સાંપ્રતકાળની આ હસ્તીઓની મધુર ગાથાના દસ્તાવેજીકરણની આ સુંદર યોજનામાં ગણેશ સ્થાપન ખૂબ સારી રીતે થયું છે અને એક વાર ગણેશ બેસારીએ પછી તો આપણાં લગ્નગીતોમાં અને ભજનોમાં ગવાય છે તેમ ગણેશના કામ ગણેશ જ ઉકેલે છે ! આપણી ચિંતા ઓછી થઈ જાય છે. પ્રારંભમાંજ રેકોર્ડિંગ માટે સમય ફાળવવા અને સંમતિ આપવા દાદાને પત્ર લખવા ઉપરાંત ફોન કર્યો. જવાબમાં જીવનના નવ દાયકા વટાવી ગયેલા સાક્ષરનો એજ રણકો અને એટલોજ ઉત્સાહ ! WELL BEGUN IS HALF DONE વાળી ઉક્તિના ન્યાયે અમારી તો સમગ્ર યોજના દાદાની કૃપાદ્રષ્ટિથી સુપેરે પાર પડી. દર્શકદાદા – દિલીપ ધોળકીયા તેમજ સાંઇ મકરંદ જેવા બીજા અનેક દિગ્ગજોના યોગદાનને પણ ગાગરમાં સાગર સમાવવાના અઘરા છતાં અભ્યાસુ તથા સુઆયોજિત પ્રયાસો થયા. એ વાત હમેશા સ્મૃતિમાં રહેશે કે દાદા જેવો અવાજનો રણકો અને અંતરનો સ્નેહ જીવનમાં ઓછી જગાએ જોવા મળેલો છે. દાદાનું આંતરિક સત્વજ એટલું મહોરેલું અને વિસ્તરેલું હતું કે બાહ્ય ઘટમાળના અનેક પડકારોને તેમણે સામી છાતીએ પડકાર્યા છે. દાદાનો 'માહ્યલો કોશ' હર્યોભર્યો હતો. કવિ રાજેન્દ્ર શાહના લખેલા સુંદર શબ્દો દાદાના જીવનના સંદર્ભમાં યાદ આવે :

આપણે ના કંઈ રંક
ભર્યો ભર્યો માહ્યલો કોશ અપાર
આભ ઝરે ભલે આગ
હસી હસી ફૂલ ઝરે ગુલમહોર.

ગુજરાતે જેમ ઉદ્યોગક્ષેત્રના દિગ્ગજોને જન્મ આપ્યો છે તેમ શિક્ષણ – સાહિત્યના ઉજળા મહાનુભાવોની પણ જગતને ભેટ આપી છે. નાનાભાઈ – ગિજુભાઈનું નામ લઈએ ત્યાંજ ભાવનગરની ભાતીગળ ભૂમિના અનેક વિદ્વાનોનું પુણ્ય સ્મરણ થાય. પ્રાધ્યાપક પ્ર. ચુ. વૈદ્ય કે ડોલરભાઈ માંકડનું નામ સ્મરણ કરીએ ત્યાંજ શિક્ષણ ક્ષેત્રને દીશા પૂરી પાડનાર અનેક તેજસ્વી લોકોનું પવિત્ર સ્મરણ થાય. રામલાલભાઈ પરીખને યાદ કરતાંજ ગાંધી વિચારને વરેલા અનેક ઋષિતુલ્ય વિદ્વાનોની સ્મૃતિ તાજી થાય. કેશવલાલ કાશીરામ શાસ્ત્રી (૧૯૦૫-૨૦૦૬) એ પણ આ ઉજળી આકાશગંગાના અભિન્ન અંગ સમાન છે. અધ્યાપન કાર્યમાં જોડાયેલા તમામ લોકો માટે તો દાદાનું અધ્યાપકીય તથા સંશોધનનું કામ અનુકરણીય ઉદાહરણ સમાન છે. લગભગ ચાર દાયકાથી પણ વધારે શૈક્ષણિક કાર્ય સક્રિય રીતે કરનાર આ ઋષિતુલ્ય અધ્યાપક આપણી પ્રેરણાનું સ્ત્રોત છે. અનેક વિદ્યાર્થીઓએ દાદાના માર્ગદર્શન હેઠળ મહાનિબંધો લખ્યા છે અને ડૉકટરેટ મેળવેલ છે. દાદાએ ૧૦૦૦ થી વધારે રીસર્ચ પેપર્સ લખીને અનેક વિષયોનું ખેડાણ કરેલું છે. દાદાનું વ્યક્તિત્વ એક જંગમ વિદ્યાપીઠ સમાન હતું. નરસિંહ મહેતા, પ્રેમાનંદ તથા ભાલણ પરના તેમના અધ્યયન અભ્યાસુઓને ખૂબ ઉપયોગી થયા છે. જીવનની એક સંપૂર્ણ સદીને વળોટી જનાર આ ઋષિપુરુષે જીવનની દરેક ક્ષણ સક્રિય રહીને વિતાવી છે. સ્વાધ્યાય તરફ કદી ઉપેક્ષા સેવી નથી. 'સ્વાધ્યાય પ્રવચનાભ્યામ્ મા પ્રમદીતવ્યમ્' વાળી શાસ્ત્રવાણીને તેઓ આજીવન સંપૂર્ણ જાગૃતિથી અનુસર્યા છે. દાદાના પ્રદાન માટે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક સહિત અનેક ઈનામ – અકરામ મળેલા છે, પરંતુ ગુજરાતના લોક હૃદયમાં શાસ્ત્રીજી માટેનો આદર એ કદાચ સૌથી મોટું ઈનામ છે. લોકોનો આવો સ્નેહાદર મેળવવો દોહ્યલો છે.

પ્રવૃત્તિઓની સતત વહેતી વણઝારમાં દાદા પરોવાયેલા હતા. આમ છતાં વૈષ્ણવ સંપ્રદાયના એક ઉપાસક તરીકેની તેમની ભૂમિકા કદી ઓછી થઈ નથી. જીવનઝંઝાળને અળગી કરી કૃષ્ણમયતામાં સરી જવાનું આ સાધક માટે સહજ હતું. દયારામે ગાયું છે તેમ તેમના જીવનના સર્વ પ્રવાહોની ધારાનું ઉદ્દગમસ્થાન યોગેશ્વરના કર્મપ્રધાન જીવનના સ્મરણમાંથી વહેતું હતું.

કૃષ્ણ ભજો કૃષ્ણ કહો
કૃષ્ણ સુણો પ્રાણી,
કૃષ્ણના સંબંધ વિના
વંધ્યા સૌ વાણી.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમણે પ્રભાવી સેવાઓ આપી. ગુજરાતી ભાષા તથા તેના વ્યાકરણને કેન્દ્રમાં રાખીને તેમણે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. સંસ્કૃત ભાષાને કેન્દ્રમાં રાખીને પણ તેમણે એક અભ્યાસુ તરીકે સંશોધન ગ્રંથ લખ્યા. નાટ્યશાસ્ત્ર અને ગુજરાતી કોશ પર પણ તેમણે કામ કર્યું. તેમની અનુવાદક તરીકેની સજ્જતાને કારણે ઉત્તમ પ્રકારના અનુવાદો આપણને પ્રાપ્ત થયા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં તેમણે આપેલી સેવા નોંધપાત્ર છે.

બ્રહ્મર્ષિ સ્વાસ્થ્ય અને શિક્ષણ સંશોધન સંસ્થાન તરફથી દાદાની ૧૧૩મી જન્મજયંતિ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે વિચાર અભિનંદનને પાત્ર છે. શાસ્ત્રીજી સંશોધિત વિપુલ લેખન સામગ્રી આપણી યુનિવર્સિટીઓ તથા કોલેજો સુધી વિશેષ પ્રમાણમાં પહોંચે તો આપણાં આ ઋષિ કાર્યના જ્ઞાન વિસ્તાર તથા જ્ઞાન સંવર્ધનનો બેવડો હેતુ સરે. શાસ્ત્રીજીએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક ધાર્મિક – શૈક્ષણિક સંસ્થાઓને હૂંફ તથા માર્ગદર્શન પૂરા પાડેલા હતા. આ રીતે તેઓ ખરા અર્થમાં એક સંસ્થા નિર્માણનું કાર્ય કરનાર હતા. શાસ્ત્રીજીના સુકાર્યોની સુવાસ તો હમેશા મહેકતી રહે તેવી છેજ. જુલાઈ માસ તથા આ અષાઢ – શ્રાવણના સંયોગે ભીની માટીની મહેક પણ શાસ્ત્રીજીના સ્નેહ તથા વાત્સલ્યભાવનું પુનઃ સ્મરણ કરાવે છે.

# યુવા પ્રતિભા રામ મોરીને યુવા પુરસ્કાર એવોર્ડની જાહેરાત



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે અને શ્રી સ્વામીનારાયણ ગુરુકુળના યજમાનપદે અને સૌજન્યથી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, ટાવર બિલ્ડીંગ સેકટર-૨૩, ગાંધીનગર ખાતે તા. ૨૨-૭-૨૦૧૭ને શનિવારના રોજ, એક દિવસીય નિઃશુલ્ક કાવ્ય શિબિર યોજાઈ ગયો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, રાજયના જીલ્લાઓમાંથી, ૧૮ વર્ષથી લઈને ૭૮ વર્ષ સુધીના વયના ૬૫ જેટલા સર્જકોએ વરસતા વરસાદની તમા રાખ્યા વિના, ભીંજતા હૈયે, ઉમંગભેર ભાગ લીધો હતો.

આ કાવ્યશિબિરનું દીપપ્રાગટ્ય ગુરુકુળના સંચાલક રામકૃષ્ણ સ્વામી, ગુડાના ચેરમેન આશિષ દવે અને યજમાન શાળાના પ્રિન્સિપાલ ઉમંગ વાછાણીના હસ્તે કરી, શુભ શરુઆત કરવામાં આવી હતી. સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉએ શાબ્દિક સ્વાગત કરી, કાવ્યશિબિરના આયોજનની વિગતો ઉપપ્રમુખ સંજય થોરાત દ્વારા આપવામાં આવી હતી; જયારે કવિ રમેશ ઠક્કર દ્વારા પ્રસ્તાવનારુપે કાવ્યના સર્જનની વાત કરવામાં આવી હતી.

આ શિબિરમાં પ્રથમ વકતવ્ય, સાહિત્ય-મર્મજ્ઞ ભાગ્યેશ જહા દ્વારા આપતાં, કવિતાના આલેખનમાં ભાવ અને કલ્પનની જરૂરિયાત બાબતે ઉદાહરણ સહ, પોતાની સંસ્કૃત પ્રચુર મેધાવી વાણીમાં, હળવી અને પ્રભાવી શૈલીમાં સમજ આપી હતી. ત્યાર પછી યુવા કવિ અનિલ ચાવડાએ ગીત અને ગઝલની લેખની અન્વયે શિબિરાર્થીઓને ઊંડાણપૂર્વકની સમજ આપી હતી; જયારે ભાષા સાથે - ભાષા માટે જીવનાર સારસ્વતી ઉમાકાન્ત રાજયગુરુએ કૃતિસર્જનમાં ભાષાની જરૂરિયાત, સાચી ગુજરાતી ભાષા અને વ્યાકરણની સમજ આપી હતી. કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા, કાવ્યસર્જનમાં છંદનું મહત્ત્વ અને તેની બાંધણી વિષે સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા. સમારંભના અંતિમ સત્રમાં, ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ પ્રમુખ અને ખ્યાતનામ કવિ હરિકૃષ્ણ પાઠક દ્વારા, અસરકારક કાવ્ય સર્જન માટે પોતાના અનુભવની વાતો કરી, કાવ્યાનુભૂતિ કરાવી હતી. ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીના હસ્તે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતા. આ સમગ્ર કાર્યક્રમનું ભાવવાહી સંચાલન સાહિત્યસભાના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પૂર્વપ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર - 'ધરતીનો ધબકાર' શ્રી દોલતભટ્ટની વિશેષ ઉપસ્થિતિ પ્રેરણાત્મક અને ધ્યાનાકર્ષક રહી હતી.

●●●

કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પ્રાદેશિક ભાષાના શ્રેષ્ઠ પુસ્તકને પુરસ્કાર આપવામાં આવે છે; પરંતુ હવે સને ૨૦૧૧થી; ૩૫ વર્ષથી નીચેના યુવા સાહિત્યકારોને પુરસ્કાર આપવાનું શરુ કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર જે-તે ભાષામાં નવી નવી પ્રતિભાઓને ઓજસમાં લાવવાના શુભાશયરુપે શરુ કરાયેલ છે.

સને ૨૦૧૭ના આ 'યુવા પુરસ્કાર એવોર્ડ' માટે, યુવા પ્રતિભા ધરાવનાર ગુજરાતી વાર્તાકાર શ્રીરામ મોરીને તેમના વાર્તાસંગ્રહ 'મહોતુ' માટે પસંદ કરવામાં આવ્યા છે, જે ગુજરાતી સાહિત્ય જગત માટે એક ગૌરવપૂર્ણ બાબત લેખી શકાય. આ નિર્ણાયક સમિતિમાં (૧) જાણીતા સાહિત્યકાર - વાર્તાકાર અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક એવોર્ડથી વિભૂષિત ડૉ. મોહન પરમાર (૨) અધ્યાપક ભીમજી ખાચરિયા અને (૩) મૂર્ધન્ય સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા હતા. શ્રી રામ મોરીને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

●●●

સંસ્કૃત સાહિત્ય અકાદમી અને સંસ્કૃત ભારતીના સંયુક્ત ઉપક્રમે, સંસ્કૃતોત્સવ 'અષાઢસ્ય પ્રથમ દિવસે' તા. ૨૪.૬.૧૭ના રોજ એચ.ટી. પારેખ હૉલ, અમદાવાદ ખાતે ઉજવાઈ ગયો, જેમાં પદ્મશ્રી ડાહ્યાભી શાસ્ત્રીના મુખ્ય અતિથિપદે 'વેદશાસ્ત્ર પારંગત પંડિત સન્માન' અને 'સંસ્કૃતભાષી પરિવાર' ને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અતિથિ વિશેષ તરીકે, સંસ્કૃત ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી દિનેશ કામત અને અકાદમીના અધ્યક્ષ - પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા તથા ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ સંસ્કૃતોત્સવમાં સન્માનિત વિદ્વાનોમાં યજુર્વેદમાં ડૉ. નરેશ ભટ્ટ, શાસ્ત્ર પંડિતમાં મેહુલ કુમાર ભટ્ટ તેમજ અર્થર્વવેદ, ઋગ્વેદ અને શુક્લ યજુર્વેદ એમ ત્રણે વેદોના પંડિત ડૉ. કપિલદેવ શાસ્ત્રીને સન્માનિત કરાયા હતા. જેમાં સન્માનપત્ર, શાલ તથા રૂા. ૫૦,૦૦૦ની ધનરાશીનો સમાવેસ થાય છે. સંસ્કૃતભાષી કુટુંબમાં વેરાવળનાં ગૃહિણી (જાહ્નવી) દિપેશ કતિરાને સપરિવાર સન્માનિત કરવામાં આવ્યાં હતા.

●●●

હાલ અમદાવાદ સ્થિત અને મૂળ મહેસાણા જિલ્લાના મોટી દાઉના વતની, વિઠ્ઠલરાય શ્રીમાળીને ગુજરાત સરકાર તરફથી, તેમની સમગ્ર દલિત સાહિત્ય સર્જનપ્રવૃત્તિને કેન્દ્રમાં રાખી; સને ૨૦૧૬-૧૭ના વર્ષનો 'સંત શ્રી કબીર એવોર્ડ' એનાયત થયો. વિઠ્ઠલરાય શ્રીમાળીના આજદિન સુધીમાં સાત વાર્તાસંગ્રહો, પાંચ નવલકથા, બે કાવ્યસંગ્રહો અને આત્મકથા 'બજતા જાયે એક તારા' પ્રગટ થયેલ છે. તેમના સાહિત્યમાં પીડિતો, વંચિતો, દલિતોની વેદનાને શબ્દદેહ આપવામાં આવ્યો છે. શ્રી વિઠ્ઠલરાયને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com